Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 24,(SURAT), DATE-04/12/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૪, (સુરત), તા.૦૪/૧૨/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 ઓલપાડના દેલાસા ગામ ખાતે વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

3 વ્યારા ખાતે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૩ મીડિયા કર્મીઓનું મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યું

4 માંગરોળ પંથકમાં વડોલી ગામે નહેર પર ખેડૂતોની ત્રણ ઇલેક્ટ્રીક મોટરની ચોરી

તાપીમાં તાલિમનાં નામે આદિવાસી વિદ્યાર્થીઓ પાસેથી લુંટ

આમ આદમી પાર્ટી તાપી જિલ્લા દ્વારા આદિજાતિ વિદ્યાર્થીઓના ફરિયાદના પગલે દક્ષિણ ગુજરાત ની બીજી એક બોગસ નર્સિંગ કોલેજ વિરુદ્ધ કલેક્ટરને રજુઆત કરાઈ

કલેક્ટર જિલ્લા મેજિસ્ટ્રેટની

તાપી- આમ આદમી પાર્ટી તાપી જિલ્લા હોદ્દેદારો દ્વારા આદિજાતિ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા AAP તાપી પ્રમુખ મહેન્દ્રભાઈ ગામીત, એડવોકેટ જીમ્મીભાઈ પટેલ, તાપી સહકારી વિંગના પ્રમુખ અરવિંદભાઈ ગામીત તેમજ રાજેશભાઇ ગામીત, રાકેશભાઈ ગામીત નાઓ સાથે વિદ્યાર્થીઓના ટોળાં કલેક્ટર કચેરી એ રજુઆત લઈને ગયા હતા. ગત દિવસોમાં તાપી ના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા દ્વારા માઁ કામલ ધામ નામની બોગસ નર્સિંગ કોલેજ વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી. તેના એક અઠવાડિયા માંજ તાપીના જિલ્લામાં 'એકતા એજયુકેશન ટ્રસ્ટ' અંતર્ગત ચાલતી બીજી બોગસ કોલેજ પકડાઇ જવા પામી છે. જે બેંગ્લોર ખાતે વિદ્યાર્થીઓને લઈ જઈ પરીક્ષા અપાવી બોગસ ડીગ્રી આપવામાં આવતી હતી.

મોટે ભાગેના વિદ્યાર્થીઓ આદિજાતિ ના હોઈ તેમના નામે બેકમાં ખાતા ખોલાવી સ્કોલરશીપ પડાવી લઈ મોટું કૌભાંડ આચરવામાં આવતું હતું. ગેરરીતિઓ આચરી પરીક્ષાઓ અપાવવામાં આવતી હતી અને કોઈ પણ જાતની હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરાવ્યા સિવાય બોગસ ડિગ્રીઓ આપતા હતાં. જેનો પર્દાફાશ વિદ્યાર્થીઓ એ આમ આદમી પાર્ટી સાથે રહી ને કર્યો છે. ઉપરોક્ત પ્રશ્ન બાબતે કલેક્ટરશ્રી ને અરજ કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓના હિતમાં 'એક્તા એજયુકેશન ટ્રસ્ટ' નામે ચાલતી નર્સિંગ કોલેજને તાત્કાલીક ધોરણે સરકાર માન્ય કોર્ષની યોગ્યતા અને પરવાનગીઓ તપાસવામાં આવે. જો નર્સિંગ કોલેજને માન્યતા પ્રાપ્ત ન હોઈ ત્યારે વિદ્યાર્થીઓના હિતને દ્યાનમાં રાખી તેમના ઓરિજિનલ ડોક્યુમેન્ટ અને તેમની ભરેલ ફી પરત અપાવી ને સંચાલક સામે કાયદેસર નો ગુનો દાખલ કરવામાં આવે.

મોટે ભાગેના વિદ્યાર્થીઓ આદિજાતિ ના હોઈ તેમના નામે બેકમાં ખાતા ખોલાવી સ્કોલરશીપ પડાવી લઈ મોટું કૌભાંડ આચરવામાં આવતું હતું. ગેરરીતિઓ આચરી પરીક્ષાઓ અપાવવામાં આવતી હતી અને કોઈ પણ જાતની હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરાવ્યા સિવાય બોગસ ડિગ્રીઓ આપતા



હરિપ્રબોધમ્ યુવા મહોત્સવ
"હું" માંથી "તું" માં જવાનો અવસર
Bs Ek Tu Raji Tha Tare Laine Hu Hu To Nimit Matra
#hpym2025
5.1.25, Bharuch.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસા વિરુદ્ધ
ધરણા પ્રદર્શન
સમસ્ત હિન્દુ સમાજ સમિતિ - સુરત
૪ ડિસેમ્બર બુધવાર, બપોરે ૨:૦૦ કલાકે
સ્વરાજ આશ્રમ મેદાન,
બારડોલી
નોધઃ રેલી સ્વરાજ આશ્રમ થી નીકળી પ્રાંત કચેરી સુધી જશે.

બાંગ્લાદેશમાં થઈ રહેલા હિન્દુઓ ઉપર અત્યાચાર અને ઇસ્કોન મંદિરના મહંત ચિન્મય કૃષ્ણદાસની અટકાયતનો વિરોધ નોધાવ્યો

સુરત- બાંગ્લાદેશમાં ફાટી નીકળેલા રમખાણોમાં હિન્દુઓની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ રહી છે, હિન્દુઓની હત્યા કરવામાં આવી રહી છે મહિલાઓ ઉપર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓની જે સ્થિતિ છે તેને લઈને હિન્દુઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જયારે ઇસ્કોન મંદિરના મહંતની થયેલી ધરપકડને પગલે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજે સ્ટેશન વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશની અંદર જે પ્રકારે રાજકીય સત્તા પરિવર્તન થઈ રહી છે. દિવસેને દિવસે વિધર્મીઓ દ્વારા હિન્દુઓ ઉપર અત્યાચારો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી જે રીતે મીડિયાના માધ્યમો અને સોશિયલ મીડિયામાં બાંગ્લાદેશમાં હિન્દુઓની સ્થિતિ અંગેના વિડીયો વાઇરલ થઈ રહ્યા છે. તેને કારણે વિશ્વમાં રહેતા હિન્દુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારને પણ વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા બાંગ્લાદેશની હિન્દુઓની સ્થિતિ અંગે ગંભીરતાથી વિચારીને તાત્કાલિક્તાની સરકાર ઉપર દબાણ કરીને હિન્દુઓ સાથેના અત્યાચાર રોક્વામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તા હિતેશ જૈને જણાવ્યું કે, બાંગ્લાદેશમાં સનાતનની હિન્દુઓ પર ભારે અત્યાચાર થઈ રહ્યા છે ત્યાંના વિધર્મીઓ દ્વારા હિન્દુઓને પ્રતાડિત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ઇસ્કોન મંદિરના મહંત ચિન્મય કૃષ્ણદાસજીની ધરપકડ ગેરકાયદેસર રીતે કરવામાં આવી છે. ઇસ્કોન મંદિર દ્વારા કોરોના કાળમાં લોકોને ખૂબ સારી રીતે મદદ કરી હતી. ધર્મજાતિ જોયા વગર ચિન્મય કૃષ્ણદાસજી મહારાજે લોકોને ખૂબ જ સેવા કરી હતી, પરંતુ આજે તેમની રાજકીય કેન્નાખોરી રાખીને ધરપકડ કરવામાં આવી છે તે અયોગ્ય છે.

વ્યારા જનરલ હોસ્પિટલ ખાતે વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી કરવામાં આવી

૧ લી ડિસેમ્બર
વિશ્વ એઈડ્સ દિવસ

તાપી - ૦૨ ડીસેમ્બરને વિશ્વ એઈડ્સ દિન તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે Take the right path નામના ટાઇટલ હેઠળ થીમ રાખવામાં આવી છે. આ સંદર્ભે એ. આર. ટી સેન્ટર જનરલ હોસ્પિટલ વ્યારા ખાતે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું પ્રસ્થાન જનરલ હોસ્પિટલના આર. એમ. ઓ શ્રી ડી. સી. ગામીત દ્વારા કરવમા આવ્યું હતું. ડો.રાજુભાઈ ચૌધરી એ. આર. ટી ડો.નિરવ ગામીત, DTC MO ડો.અભિષેક ચૌધરી, એ.આર.ટી.સેન્ટર વ્યારાના તમામ કર્મચારીઓ, જિલ્લા ક્ષય કેન્દ્રનો સ્ટાફ, જિલ્લાના તમામ ICTC, PPTC, STI કાઉન્સેલર, સમગ્ર-કેર સપોર્ટ સેન્ટરના તમામ સ્ટાફ જિલ્લા TB-HIV કોર્ડિનેટર રાજેશભાઈ તથા આશ્રય ફાઉંડેશન ,જિલ્લા કાનુની સહાયનો સ્ટાફ તેમજ ઇન્દુ નર્સિંગ કોલેજ, બાજીપુરા નર્સિંગ કોલેજ, જનક સ્મારક નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

રેલી જનરલ હોસ્પિટલ વ્યારા ખાતેથી નીકળી વ્યારા નગરનાં મુખ્ય માર્ગો પર ફરી જિલ્લા ક્ષય કેન્દ્ર એ.આર.ટી સેન્ટર ખાતે સભામાં ફેરવાઈ હતી. આ સભામાં ડો.રાજુભાઈ ચૌધરીએ એચ.આઈ.વી. વિષે માહિતી આપી હતી તેમજ સ્કીનીગ, અટકાયતના પગલાં અને એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિ સાથે સંવાદિતા અંગે વિસ્તુત જણકારી આપી હતી. એ.આર.ટી ડો.નિરવ ગામીત દ્વારા વર્ષ ૨૦૨૪ વિશ્વ એઈડ્સ દિનની થીમ Take the right path વિશે જાણકારી આપવામાં આવી.

Mo-9727410292 Mo-9426810292

શ્રી બાલાજી ડાઈનિંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જીતેન્દ્રસિંહ પરમાર

શ્રી બાલાજી ડાઈનિંગ હોલ
ઘામળોદ રોડ, બારડોલી



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
દુકાન નંબર 101, પ્રિતેશ કોમ્પ્લેક્ષ શાસ્ત્રી રોડ , બારડોલી.

ઓલપાડના દેલાસા ગામ ખાતે વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

બારડોલી- વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશ પટેલના હસ્તે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૨૭.૭૬ કરોડના ખર્ચે ઓલપાડ તાલુકાના દેલાસા ગામથી કપાસી-કુદીયાણા ગામ વચ્ચે સેના નદી પર પુલ અને માર્ગ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે મંત્રી મુકેશ પટેલે જણાવ્યુંકે, વર્તમાન સરકારે નાના અને અંતરિયાળ ગામોમાં અનેકવિધ વિકાસકામો સાથે પાકા રસ્તાઓની સુવિધા ઉભી કરી છે, તેમજ રાજય સરકારે શિક્ષણ, સ્વાસ્થ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં કરોડો રૂપિયાના વિકાસકામો ઝડપભેર સાકાર કર્યા છે. દેલસા ગામથી કપાસી-કુદીયાણા ગામ વચ્ચે સેના નદી પરના પુલ અને રસ્તાની કામગીરીની વર્ષોથી લોકો જે માંગણી કરી રહ્યા હતા, તે હવે પુરી થઇ છે.

આ પુલના નિર્માણથી આજુબાજુના ૧૮ ગામોના ૭૨,૬૧૦ લોકોને લાભ મળશે. લોકોનો સમય અને ઇંધણ બંનેની બચત થશે. સરકારે છેવાડાના લોકોની ચિંતાને ધ્યાનમાં રાખીને વિકાસકામો પર ખાસ ધ્યાન આપ્યું છે. છેવાડા વિસ્તારોમાં વિજળી, પાણી અને રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ રાજય સરકાર દ્વારા પુરી પાડવામાં આવી છે.

મંત્રીએ જનઆરોગ્ય વિશે સરકારે કરેલા કાર્ય વિશે વાત કરતાં કહ્યું હતું કે, આયુષ્યમાન કાર્ડ થકી લાખો લોકો સારવાર લઇ રહ્યા છે, ત્યારે રાજય સરકારે આરોગ્ય સેવા માટે આયુષ્યમાન ભારત કાર્ડ પર કુલ ખર્ચની રકમ વધારીને દસ લાખ સુધીની કરી છે. પહેલાં છેવાડાના ગામના લોકો બિમાર પડતા તો શહેર સુધી દવા લેવા જવું પડતું હતું, પરંતુ હવે ઘરઆંગણે સરકાર દ્વારા આરોગ્ય કેન્દ્ર બનાવી લોકોને સુખમય કર્યા છે. સરકાર છેવાડાના માનવીનું સ્વાસ્થ સારું રહે એના માટે પ્રયત્ન કરી રહી છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, ઓલપાડ તાલુકો ઉત્તરોત્તર વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે, ત્યારે ગ્રામજનોને રસ્તા, વિજળી અને પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે સરકાર સતત કાર્યરત છે. વિકાસકાર્યો અને જનલક્ષી યોજનાઓના સુચારુ અમલીકરણ દ્વારા વિકાસના ફળો સમાજના તમામ વર્ગોના લોકોને મળે તે માટે રાજય સરકાર હરહંમેશ તત્પર હોવાનું જણાવતાં જરૂરિયાત ધરાવતા ગામોને જોડતા રસ્તા બનાવવાની પણ મંત્રીએ ખાતરી આપી હતી.

દારૂનો જથ્થો સગવગે થાય એ પહેલા એલસીબી એ ઝડપ્યો:માંગરોળના બોરસદ ગામની હદમાં ઝાડી ઝાંખરામાં છુપાવેલો ૨.૫૩ લાખનો દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો

બારડોલી- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના બોરસદ ગામની હદમાં ઝાડી ઝાંખરામાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો સગેવગે થાય તે પહેલા જ સુરત જિલ્લા એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ૨.૫૩ લાખની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .

મળતી માહિતી મુજબ માંગરોળ તાલુકાના બોરસદ ગામની હદમાં સુનીલ કાદવાલીએ વિદેશી દારૂનો જથ્થો ઉતારી છુપાવેલો હતો અને ત્યાંથી સગેવગે કરવાનો હતો. દરમ્યાન સુરત જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડી ખેતરની બાજુમાં ઝાડી ઝાંખરામાં છુપાવેલો વિદેશી દારૂનો જત્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસે ૨,૫૩,૨૨૪ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જત્થો જપ્ત કર્યો હતો. તેમજ વિદેશી દારૂનો જથ્થો મંગાવી છુપાવનાર સુનીલ કાદવાલીને વોન્ટેડ જાહેર કરી આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લાયસન્સ વિના જૈવિક ખાતરનું ગેરકાયદે ઉત્પાદન-વેચાણ કરવા બદલ ગુનો નોંધાયો સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના નાની નરોલી સ્થિત વેદ એન્ટરપ્રાઈઝ અને એ.જી.એગ્રો ઈન્ડસ્ટ્રીઝ બોઈસર દ્વારા લાયસન્સ વિના જૈવિક ખાતરનું ગેરકાયદે ઉત્પાદન વેચાણ કરવા બદલ ખેતી અધિકારીઓએ દરોડા પાડી કંપનીના ગોડાઉનમાંથી રૂ.૫.૯૪ લાખની ૪૪૦ ખાતરની ખાતરની થેલીઓ જપ્ત કરી કંપનીના માલિકો સામે માંગરોળ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાયદાકીય કાર્યવાહી હાથ હતી.

ગુજરાત પોલીસના સ્નિફર ડોગ્સની કામગીરી : છેલ્લા છ મહિનામાં સ્નિફર ડોગ્સની ટીમની આઠ ગુનાઓ ઉકેલવામાં સફળતા

ગુજરાત પોલીસના સ્નિફર ડોગ્સે ફરી એકવાર તેમની કુશળતા સાબિત કરી છે. છેલ્લા છ મહિનાના સમયગાળામાં, સ્નિફર ડોગ્સની ટીમે ૮ ગુનાઓ સફળતાપૂર્વક ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્નિફર ડોગ ટીમે એન.ડી.પી.એસના બે કેસ ઉપરાંત એક હત્યા, બળાત્કાર, ઘરફોડ અને બે ચોરીના ગુનાઓ ઉકેલવામાં સફળતા મેળવી છે. સ્નિફર ડોગ્સ અને તેને તાલિમબદ્ધ કરનાર ટીમ ઉપરાંત તમામ ડોગ હેન્ડલર્સની આ કામગીરીની રાજયના પોલીસ વડા વિકાસ સહાયે પ્રસંશા કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

છેલ્લા છ મહિનામાં ગુજરાત પોલીસના ૨નાર્કોટીક્સ ડોગ્સ દ્વારા ગાંજાના જથ્થાને શોધી એન.ડી.પી.એસના બે કેસ કરવામાં આવ્યા છે, જે અંતર્ગત તા.૨૧મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી તાલીમબદ્ધ નાર્કોટિક્સ ડોગ રગુલાબ એ સ્ટીલના ડબ્બામાં અથાણા અને રસગુલ્લા મિઠાઇની વચ્ચે આખી સેલોટેપ વિટળીને સંતાડેલો ગાંજાનો જથ્થો શોધી કાઢ્યો હતો. જયારે તા.૧૪મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ રકેપ્ટો ડોગે રાજકોટ જિલ્લાના ધોરાજી વિસ્તારમાં એક આરોપીના ઘરના સર્ચ દરમિયાન બાથરૂમમાં સંતાડેલો ૧૨ કિલો ગાંજો શોધી આપ્યો હતો. બીજી તરફ જયારે ચોરી, ઘરફોડ, બળાત્કાર અને હત્યા જેવા ગંભીર ૬ ગુનાઓમાં રટ્રેકર ડોગ્સ એ ગુનેગારો સુધી પહોચવામાં મદદ કરી છે. તા.૧૪મી ઓક્ટોબર-૨૦૨૪ ના રોજ રબીના ડોગને ભાવનગર ખાતે હત્યાના બનાવ સ્થળેથી મૃતકની આજુબાજુની જગ્યા તથા લોહીના ડાઘની સ્મેલ આપી ટ્રેક કરાવતા નેશનલ હાઇવે સુધી દોડીને ત્રણ આરોપીઓને ફાઇન્ડ આઉટ કરી આપ્યા હતા.

આદિવાસી અમૃત કુંભ રથનું રાજય કક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા વ્યારા નગરમાં સ્વાગત કરવામાં આવ્યું

ભારતના ૧૦૦ જિલ્લાઓમાં અને ગુજરાતના ૧૦ જીલ્લાઓમાં પરિભ્રમણ કરવાના આશય સાથે આજે વ્યારા નગરના આંગણે રથ આવી પહોચ્યો

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર
આદિજાતિ કલ્યાણ : વિઝનથી મિશન સુધી

તાપી- ધરતી આબા ઉત્કર્ષ દિનની ગાથા વર્ણવતો આદિવાસી અમૃત કુંભ રથ આજે તાપી જીલ્લાના વ્યારા નગરના આંગણે આવી ચુક્યો હતો. ગુજરાતના ૧૦ આદિજાતિ પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓના તમામ તાલુકાઓમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતીને અનુલક્ષીને આ રથ પરિભ્રમણ કરવાનો છે.

મંત્રી કુવરજીભાઈ હળપતિ, મંત્રીશ્રી, આદિજાતી વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસના અધ્યક્ષસ્થાને વ્યારા પાનવાડી જિલ્લા સેવા સદનના આંગણે આવેલા રથનું સ્વાગત અને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું .

આદિજાતિના કલ્યાણ માટે એક વિઝનથી લઈને મિશન સુધી પહોચાડવા આ યાત્રા એક મહત્વનો પડાવ છે. આ ઉત્કર્ષ દ્વારા આદિમજૂથના અને આદિવાસી સમાજના નાગરિકો માટે સેવાઓનો વ્યાપ વધારવો, માળખાકીય સુવિધાઓ વધારવી, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાની સુવિધાઓ સુદ્રઢ કરવા માટેના મુખ્ય કાર્યો આ અભિયાન થકી હાથ ધરવાના છે. સરકાર દ્વારા જયાં નથી પહોચી શકાયું ત્યાં મહત્વપૂર્ણ સુવિધાઓ પહોચાડવી, કેટકેટલાય એકીકૃત પ્રયાસોથી સર્વગ્રાહી અભિગમ અપનાવી તમામ સમાજના લોકોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની યોજનાઓ આ અભિયાન થકી લાગુ પાડવામાં આવશે.

આ સમારંભમાં રાજય કક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજને ગૌરવ અપાવવાનું કાર્ય કોઈએ કર્યું હોય તો એ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. શિક્ષક, તલાટી, એન્જીનીયર, પાયલોટ જેવા મહત્વના હોદ્દા પર આજે આદિવાસી બાંધવો આપણને જોવા મળે છે. ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે ચાલુ વર્ષે ૩૪૭૪ હજાર કરોડનું માતબર બજેટ ગુજરાતની જનતા માટે ફાળવ્યું છે. આદિવાસી દીકરીઓ અને દીકરાઓ ડોક્ટર કે એન્જિનયર બને તો ૧૫ લાખ રૂપિયા અને પાયલોટ બને તો ૨૫ લાખ રૂપિયાની સહાય ગુજરાત સરકાર કરે છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આઝાદીના ૭૫ વર્ષ પછી આદિવાસી લડવૈયાઓને આપણી સરકારે યાદ કરીને તેમને સાચી શ્રધાંજલિ અર્પી છે. આવા જ એક લડવૈયા એટલે ભગવાન બિરસા મુંડા. શ્રી બિરસા મુંડાજીના જીવનની ગાથાને રજુ કરતો એવો આ રથ એટલે આદિવાસી અમૃત કુંભ રથ.

આવા રથને વ્યારા ખાતે પ્રસ્થાન કરાવીને અહીંથી ડોસવાડા, સોનગઢ, ઉચ્છલ, નિઝર કુંકરમુંડા થઈને આ રથ નર્મદા જિલ્લામાં રવાના થશે. પાનવાડી ખાતે થયેલારથ સ્વાગત કાર્યક્રમમાં ધારાસભ્ય મોહનભાઈ કોકણી, પ્રાયોજના અધિકારીશ્રી રામનિવાસ બુગલીયા, નગરપાલિકા પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય, ટ્રાયબલ ડેવ. કોર્પોરેશનના ચેરમેન અર્જુનભાઈ ચૌધરી, વ્યારા તાલુકા મામલતદાર - ટીડીઓ, સરપંચ પાનવાડી, જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ, પીયુષભાઈ પટેલ, નીલેશ ચૌધરી તેમજ જિલ્લા સેવા સદનના તમામ અધિકારીઓ કર્મચારીઓ સહિત વ્યારાના નાગરિકો હાજર રહ્યા હતા.

વ્યારા નગરમાં ૬.30 કરોડના ખર્ચે જુની વીજલાઇનને અપગ્રેડ કરાશે

વ્યારા- વ્યારાના નગરજનોને સુરક્ષિત અને અવિરત વીજ-પ્રવાહ મળી રહે તે માટે વિકાસલક્ષી કામનું આયોજન કરવામાં આવ્યું છે. નગરમાં ૨૦૦૦૦ થી વધુ ગ્રાહકો માટે ૬.30 કરોડના ખર્ચે ૬૫૦ જેટલા લોખંડના પોલ બદલવાની અને ૧૦૫ કી.મીની ખુલ્લી લાઈનને કોટેડ વાયરોથી અપડેટ કરવાની કામગીરી શરૂ કરાઇ છે.

દ.ગુ.વીજ કંપની દ્વારા હવે નવા એડવાન્સ ટેકનોલોજી વાળા કોટેડ વીજ-તાર નાખી અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આશરે ૬૫૦ જેટલા લોખંડના પોલ તેમજ ૧૦૫ કી.મીની લંબાઈ ધરાવતા વીજ તાર બદલી કરવાનું આયોજન હાથે ધરવામાં આવેલ છે. જેમાંથી હાલમાં ૧૦૫ લોખંડના વીજપોલ તેમજ ૮.૦ કિમી વિસ્તારમાં કોટેડ વીજ કંડક્ટર બદલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ અપગ્રેડેશન માટે માતબર ખર્ચ કરવામાં આવશે. વ્યારા ૬૬ કેવી સબ સ્ટેશન ૧-૨ ના શટ ડાઉન કરી વ્યારા પેટા વિભાગીય કચેરી દ્વારા યુદ્ધના ધોરણે અંદાજીત 30 લાખના ખર્ચે, ૨૦૯ માણસો ૪૩.૧૧ કિમી ભારે દબાણની વીજ-લાઈન મેન્ટેનન્સ, ૧૬૫ રીજમ્પરીંગ, ૫ ટ્રાન્સફોર્મરની કેપેસીટી ૨૦૦ કેવી વધારવી જેવા થયા છે. ૨.૬ કિમી ખુલ્લા વીજતારની જગ્યાએ ઉચ્ચ ગુણવત્તાના ખટઈઈ વાયરો નાખવાની કામગીરી પૂર્ણ કરાઇ છે.

ઝંખવાવ ગામમાં બિરસા મુંડા ગૌરવ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરાયું

વાંકલ- માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામે ધારાસભ્ય ગણપતભાઈ વસાવા અને આગેવાનોએ બિરસા મુંડા ગૌરવ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતુ. આઝાદીના લડવૈયા અને મહાનાયક બિરસા મુંડા ની ૧૫૦ મી જન્મ જયંતિ ની ઉજવણી નિમિત્તે ઉમરગામ થી અંબાજી સુધી બિરસા મુંડા ગૌરવ યાત્રા યોજાઇ રહી છે પ્રદેશ ભાજપ આદિવાસી મોરચા પ્રમુખ અર્જુનભાઈ ચૌધરી અને આગેવાનોએ બિરસા મુંડા ગૌરવ યાત્રા લઈને ઝંખવાવ ગામે આવી પહોચતા માંગરોળ ના ધારાસભ્ય ગણપતભાઈ વસાવા હર્ષદભાઈ ચૌધરી જિલ્લા પંચાયત સભ્યો દિનેશભાઈ સુરતી દરિયાબેન વસાવા તાલુકા પંચાયતના પ્રમુખો મનહરભાઈ વસાવા રમેશભાઈ વસાવા દીપકભાઈ વસાવા સામસિંગ વસાવા વગેરે આગેવાનોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું.

વન અને પર્યાવરણ રાજય મંત્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને સોનગઢ ખાતે વય વંદના નોધણી કેમ્પ યોજાયો

માતાના ગર્ભમાં બાળક હોય ત્યારથી લઈ અંતિમ સંસ્કાર સુધીની જવાબદારી દેશના વડાપ્રધાને લીધી છે

સમગ્ર ગુજરાતમાં વેક્સિનેશન પ્રકિયા, આયુષ્યમાન કાર્ડ અને ૭૦થી વધુ વયના નાગરિકોને વય વંદના કાર્ડ નોધણીમાં તાપી જિલ્લો અગ્રેસર-: રાજય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

'૫ લાખ સુધીની મફત સારવાર
BADGUJAR SURESH BABURAO

તાપી - તાપી જિલ્લાના સોનગઢ સાયન્સ કોલેજ ખાતે વન અને પર્યાવરણ ક્લાઇમેન્ટ ચેન્જ,જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગના રાજય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને આયુષ્યમાન ભારત વય વંદના નોધણી કેમ્પ યોજાયો હતો.

અધ્યક્ષ સ્થાનેથી રાજય મંત્રી મુકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઇ મોદીજીએ જયારથી શાસન સંભાળ્યુ ત્યારથી દેશના દરિદ્રનારાયણની સેવા કરવાનો સંકલ્પ લીધો છે. મોદીજીએ ગરીબોની ચિંતા કરી અનેક વિધ યોજનાઓ અમલ મુકી છે. ભારત દેશના તમામ નાગરિકોનું કલ્યાણ કરવાનું કાર્ય દેશના વડાપ્રધાને કર્યું છે. આજે બાળકના જન્મથી લઈ અંતિમ સંસ્કાર સુધીની નાગરીકોની જવાબદારી આ દેશના વડાપ્રધાને લીધી છે. દેશના તમામ વર્ગના નાગરીકોના આરોગ્યની ચિંતા કરી આયુષ્યમાન કાર્ડ યોજના અમલ મુકી છે સમગ્ર ભારત દેશના નાગરિકોને પાંચ લાખ સુધીની સહાય આપી આરોગ્ય માટે અન્ય પાસે હાથ લંબાવા કે દેવુ કરવા માંથી મુક્તી આપી છે. આજે દેશના તમામ વરિષ્ઠ નાગરિકોને વગર પુરાવાએ આયુષ્યમાન ભારત વય વંદના કાર્ડનો લાભ આપવામાં આવી રહ્યો છે.

વધુમાં મંત્રીશ્રીએ જિલ્લા વહિવટી તંત્ર અને આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતૂ કે કોરોના જેવી મહામારીમાં પોતાના પરિવારની ચિંતા કર્યા વિના તેઓને તમારી સેવા કરી છે. સમગ્ર ગુજરાતમાં વેક્સિનેશન પ્રક્રિયા હોય કે આયુષ્યમાન કાર્ડ કઢાવવામાં કે પછી ૭૦ વર્ષ અને તેથી વધુ વયના નાગરિકોને આયુષ્યમાન ભારત વય વંદના કાર્ડની વાત હોય- આ તમામ કેટેગરીમાં આજે આપણો જિલ્લો સમગ્ર ગુજરાતમાં પ્રથમ રહ્યો છે. ત્યારે સૌ નાગરિકોને આયુષ્યમા ભારત અને વય વંદના કાર્ડ બનાવી લેવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

ધારાસભ્ય ડો. જયરામભાઇ ગામીતે જણાવ્યું હતું કે તાપી જિલ્લાના આરોગ્ય વિભાગની તમામ પ્રકારની કામગીરી ખુબજ સુંદર રહી છે. ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે આજે આયુષ્યમાન ભારત વય વંદના કાર્ડ કઢાવવા માટે કેમ્પ યોજવામાં આવ્યો છે ત્યારે સૌ નાગરિકોને વય વંદના કાર્ડ કઢાવી લેવા અપિલ કરી હતી.

સોનગઢ ખાતે યોજાયલા કેમ્પમાં રાજય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકોને આયુષ્યમાન ભારત વય વંદના કાર્ડનો લાભ એનાયત કરાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા, નિઝર વિધાનસભાના ધારાસભ્યશ્રી ડો. જયરામભાઇ ગામિત, જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ખ્યાતિ પટેલ, વ્યારા પ્રાંત અધિકારી સંદિપ ગાયકવાડ, જિલ્લા મુખ્ય આયોગ્ય અધિકારીશ્રી અનિલ વસાવા સહિત સંગઠનના હોદ્દેદારો, સોનગઢ તાલુકા પંચાયતના સભ્ય ઓ, અન્ય અધિકારી, કર્મચારીઓ અને આરોગ્ય વિભાગની ટીમ સહિત વરિષ્ઠ નાગરીકો મોટી સખ્યામાં ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લોધો હતો.

તંત્રી લેખ........

તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

ભારતમાં રીટેલ રીવોલ્યૂશન : કાગળના પડીકાં પર પ્લાસ્ટિકના પેકેટ્સનો દબદબો

અનાજ, કઠોળ, દૂધ, છાસ, નાસ્તાના તૈયાર પેકેટ્સની ડિમાન્ડ દેશભરમાં ખૂબ વધી છે. પેકેજિંગનો બિઝનેસ અનેક ગણો વધ્યો છે. ભારતના છૂટક બજારોનું અનેક રીતે વર્ગીકરણ કરવામાં આવે છે જેમ કે ગ્રામ્ય બજાર શહેરી બજાર ડીસ્ટ્રીકટસ, તાલુકા અને મહાનગરોનું બજાર, દક્ષિણ-ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ ભારતનું તેમજ સર્બબન બજાર વગેરે. ભારતના છૂટક વેચાણને ગ્રામ્ય કક્ષાએ અને તે પણ તદ્દન નાના ગામડાઓ સુધી લઇ જવામા ભારતની કેટલીક રાષ્ટ્રીય કંપનીઓ જેમ કે એશીયન પેઇન્ટસ, ઝંડુ, પતંજલિ, ડાબર, ઇમામી, એમડીએચ મસાલા, વગેરેએ પણ કમાલ કરી છે. હવે ગામડાંની છૂટક દુકાનોમાંથી પણ ત્રાજવાનો વપરાશ ઓછો થવા માંડયો છે અને મોટાભાગની ચીજવસ્તુઓનુ વેચાણ ટકાઉ અને હાઈજીનીક પેકેજીઝમાં થવા માંડયું છે. અનાજ અને કઠોળ પણ હવે ૧૦૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ કે કીલોના પેકેટસમા મળવા લાગ્યા છે. આમા છૂટક બજારના વેચાણમા પાંચ કે દસ રૂપિયામા વેચાતા હાઈજીનીક, એરટાઈટ નાસ્તાના કે રોજીંદી વપરાશની ચીજો (મરીમસાલા) ના પેકેટસે વેચાણમા હદ કરી નાખી છે. હવે ગામડાની દુકાનોમા પણ માખીઓથી બણબણતા ગોળ અને ખાંડના ખુલ્લા કોથળાઓ કે ખુલ્લા ડબ્બાઓ જોવા મળતા નથી. દાયકાઓ પહેલા માત્ર સોડાલેમન, ચા, કોફી, સીગરેટસ, ચોકલેટ અને માથાના દુખાવા માટેની ટેબલેટ્સ કે હીંગ કે બ્લેડ કે ટુથપેસ્ટ કે નાવાના સાબુ જેવી ચીજવસ્તુઓ જ પેકેટસમા કે કાચની બોટલ્સમા મળતી હતી. હવે ચોખા, ઘઉં, કઠોળ, તેલ અને તમામ પ્રકારના લોટ વગેરે પણ પેકેટસમા મળે છે જેથી છૂટક બજારોની દુકાનોમા સ્વચ્છતાનુ પ્રમાણ વધ્યુ છે. ટૂંકમાં ભારતના છૂટક બજારોના વેચાણમા મજબૂત, ટકાઉ, આકર્ષક, રંગરંગીન (ખાસ કરીને નાસ્તાના પેકેટસ) અને ચીજવસ્તુઓને સારી રીતે રાખી શકે તેવા પેકેજીઝનું મહત્ત્વ ઘણુ વધી ગયું છે. ટૂંકમાં આપણી રાષ્ટ્રીય અને જગતની બહુરાષ્ટ્રીય કંપનીઓએ છૂટક બજાર ક્ષેત્રમા 'પેકેજીંગ રીવોલ્યુશન' કર્યું છે તેથી ભલે પ્લાસ્ટીક, પૂંઠા, કે એલ્યુમીનીયમ ફોઇલનો વપરાશ વધ્યો છે જે વાતાવરણનુ પ્રદૂષણ કરે છે. પરંતુ તેના કારણે ગ્રાહકોને પ્રમાણમા સ્વચ્છ અને માનવ હાથનો સ્પર્શ કર્યા વિનાની પ્રોડક્ટ મળે છે. પ્લાસ્ટીકના અઘઘઘ વપરાશને કારણે વાતાવરણનું પ્રદૂષણ ઘણું જ વધી ગયું છે એટલે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓએ પેકેજીંગ માટે તમામ પ્રકારના બાયોડીગ્રેડેબલ મટીરીયલ્સની શોધ કર્યા વિના છૂટકો નથી કદાચ ભવિષ્યમાં બાયોટેક્નોલોજીની મદદથી એવુ પ્લાસ્ટીક, પૂંઠું, પેપર કે અન્ય પ્રકારનું પેકેજીંગ મટીરીયલ બનાવી શકાય જે પાણીમા ઓગળી અને જમીન માટે ફળદ્રૂપ ખાતરમા ફેરવાઈ જઇ શકે.

પેકેજીંગના ફૂડ ઇન્ડસ્ટ્રી માટે ટેટ્રાપેકેજીંગની શોધ અગત્યની મનાય છે. અલબત્ત આ પ્રકારનું પેકેજીંગ ખર્ચાળ છે. પરંતુ તેમાં ચીજવસ્તુ બહુ લાંબા સમય સુધી તાજી રહે છે. ભારતમા ફરસાણની દુકાનો હજી કાગળોના પડીકામા ફરસાણ આપે છે. માર્કેટીંગના ચાર અગત્યના પીમાં પ્રોડક્ટ (ચીજવસ્તુ કે સેવા), પ્રાઈસીંગ (ભાવનિર્ધારણ), પ્રોમોશન (જાહેરાતો કે પબ્લીસીટી) અને પ્લેસ (એટલે કે છૂટક વેપાર કે જથ્થાબંધ વેપારની દુકાનો જેને માર્કેટીંગમા ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમનો ભાગ ગણવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. હવે ઘણા માર્કેટીંગ પ્રોફેશનલ્સ તેમા પાચમા 'પી' ઉમેરવા માગે છે અને તે છે 'પોલીટીકલ'. સરકારની મહેરબાની કે સરકારી અમલદારોને ખુશ કર્યા વિના તમારા વેચાણને કોઇક 'અદ્રશ્ય' પરિબળો એવુ આપણા દેશમા વારંવાર બને છે તેવું ઘણા માને છે.માર્કેટીંગના ચાર 'પી'નો વિચાર ઉત્પાદકો કે ઉદ્યોગકારોની દ્રષ્ટિથી ઊભો થયો છે. દા.ત. પ્રાઈસીંગનો વિચાર એમ કહે છે ક ચીજવસ્તુ કે સેવાઓનું ભાવ નિર્ધારણ (પ્રાઈસીંગ) એવી રીતે કરો કે કંપનીનો નફો ઉત્તરોત્તર વધ્યા જ કરે પછી ભલે ને કંપની કે કંપનીઓ રશિયા અને ઓપેકના દેશોની જેમ બજારમા બળતણના તેલની કૃત્રીમ અછત ઊભી કરે ? ભારતમા પણ અમુક બે કંપનીઓ વિરાટ કદની બની ગઈ છે તેમા 'પોલીટીકલ પેટ્રોનેજ' કારણભૂત છે તેમ ઘણા માને છે. ગ્રાહકને લક્ષમા રાખીએ તો કંપનીએ પોતાના માલના માર્કેટીંગની સફળતા માટે, વેચાણ અને નફો વધારવા માટે અંગ્રેજીના પ્રથમ અક્ષર 'એ' થી શરૂ થતા ચાર શબ્દોને સતત ધ્યાનમા રાખવા પડે. આ ચાર અંગ્રેજી શબ્દો નીચે મુજબ છે. પ્રથમ અક્ષર છ એટલે અવેલેબીલીટી જેનો ખર્ચ થાય છે કે જે વસ્તુ તમે વેચતા હોવ તે ગ્રાહકો માટે લભ્ય હોવી જોઇએ.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર
સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058

UNVEIL
THE FUTURE WITH
JAPANESE
TECHNOLOGY
JAPANESE TECHNOLOGY
No.1
PRESENCE IN 140+ COUNTRIES
IN COLLABORATION WITH YANMAR (JAPAN)
1800 1200 76547
SOLIS
www.solis-yanmar.com

સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

સુરતમાં ડ્રગ્સના રવાડે ચડેલા યુવાધનને સારવાર આપી વ્યસનથી દૂર કરાશે, ડર્યા વગર લાભ લેવા માટે રાજ્ય ગૃહમંત્રીનું આવાહન

સુરત- રાજય ગૃહમંત્રી દ્વારા આજે સુરત શહેરમાં રાજયનો સૌપ્રથમ એન્ટી નાર્કોટિસ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. આજે રાજયભરમાં ડ્રગ્સ ખૂબ મોટા પ્રમાણમાં ઝડપાઈ રહ્યું છે. એ પણ વાસ્તવિકતા છે કે, રાજયના યુવાનો ડ્રગ્સના રવાડે ચડીને પોતાનું જીવન અંધારામાં ધકેલી રહ્યા છે. ડ્રગ્સના કારણે યુવાનો પોતાની જિંદગીને નરક સમાન બનાવી રહ્યા છે ત્યારે આવા યુવાનોને ફરી એક વખત તમામ પ્રકારની કાઉન્સિલિંગ અને સારવાર આપવા માટેની ઝુંબેશ રાજયો ગૃહ વિભાગે શરૂ કરી છે, તેના ભાગરૂપે સુરતમાં પહેલી વખત એન્ટી નાર્કોટિક્સ યુનિટ તૈયાર કરવામાં આવી છે. અહીં જે પણ સારવાર લેવા માટે આવશે તે કોઈપણ વ્યક્તિની માહિતી જાહેર કરવામાં આવશે નહીં. તેમની સામે કોઈપણ પ્રકારના એક્શન પણ લેવામાં આવશે નહી એટલે ડર્યા વગર આ યુનિટનો વધુમાં વધુ લાભ લેવા માટે રાજય ગૃહમંત્રીએ આવાહન કર્યું હતું.

દરેક વ્યક્તિએ કાયદા-વ્યવસ્થાનું પાલન કરવું જરૂરી રાજય ગૃહમંત્રીએ જણાવ્યું કે, સુરત શહેરમાં જે ક્રાઈમ થઇ રહ્યા છે તે પૈકીના સૌથી વધારે ક્રાઇમ ઉધના, પાંડેસરા, લિંબાયત જેવા વિસ્તારમાં નોંધાઈ રહ્યા છે કોઈપણ મોટી ઘટના બને ત્યારે અહીંથી ક્રાઈમ બ્રાન્ચ સુધી જવામાં સમય વેડફાતો હોય છે, જેને ધ્યાનમાં રાખીને આ વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચનું યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દેશના અલગ-અલગ રાજયોમાંથી અહીં લોકો રોજગારી મેળવવા માટે આ વિસ્તારની અંદર ઇન્ડસ્ટ્રીમાં કામ મેળવતા હોય છે. સાથે-સાથે અન્ય રાજયના લોકો પણ અહીં ખૂબ મોટી સંખ્યામાં રહે છે. તમામ લોકોએ કાયદા-વ્યવસ્થાનું પાલન કરવું જરૂરી છે અને જો તે કાયદા વ્યવસ્થાનું પાલન ન કરે તો તેને કાયદાનું ભાન કરાવવાની પણ જવાબદારી આપણી છે. ક્રાઈમ બ્રાન્ચ પાંડેસરા યુનિટના લોકાર્પણ બાદ આ વિસ્તારની અંદર પોલીસ ઝડપથી કામગીરી કરી શકે તેના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

અસામાજિક અને ગુનાહિત પ્રવૃત્તિ કરનારાઓના વરઘોડા તો નીકળશે જ વધુમાં તેઓએ જણાવ્યું કે, સુરત શહેરમાં પોલીસ દ્વારા ખૂબ વરઘોડા કાઢવામાં આવી રહ્યા છે અને હું સ્પષ્ટતા સાથે કહું છું કે, આ વરઘોડા તો નીકળશે જ અને નીકળવા જ જોઈએ. કોઈપણ વ્યક્તિ જાહેરમાં તલવાર લઈને નીકળતો હોય તો તે એક ડગલું પણ ચાલી ન શકે એવી રીતે પોલીસ ટ્રીટમેન્ટ આપે છે. તમે જોયા હશે કે, છેલ્લા ઘણા દિવસોથી વરઘોડા ખૂબ નીકળી રહ્યા છે અને હજી પણ શહેરના ખૂણામાં સંતાયેલા આવા સામાજિક તત્વો કે જે ગુનાહિત પ્રવૃત્તિ કરતા ડરતા નથી. તેઓને સબક શીખવાડવા માટે વરઘોડા નીકળશે જ અને નીકળતા રહેશે.

કન્સલ્ટન્સી એજન્સીની કોઈ જરૂર નથી ટેક્સટાઇલ ઉદ્યોગ માટે સરકાર દ્વારા જે પોલિસી બનાવવામાં આવી છે, તે પોલિસીનો સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગકારો ખૂબ સારી રીતે લાભ લેશે એવી મને આશા છે પરંતુ, હું એક વાતની ટકોર કરવા માંગુ છું કે કોઈપણ વ્યક્તિ કે જે યોજનાનો લાભ લેવા માંગતી હોય તેણે કન્સલ્ટન્સ વ્યક્તિને રોકીને ખોટો ખર્ચ કરવાની જરૂર નથી. જો તમારી માનસિકતા એવી હશે કે, કન્સલ્ટન્સ દ્વારા આપવામાં આવતા ડોક્યુમેન્ટના આધારે ઝડપથી યોજનાનો લાભ મળશે તો એ વાત ખોટી છે. જે પોલિસી છે તે અંતર્ગતના તમામ નિયમો અને ડોક્યુમેન્ટ જો તમે ફોલો કરશો તો તમને પણ સહજતાથી યોજનાઓનો લાભ મળી જશે. કન્સલ્ટન્સી એજન્સી કે વ્યક્તિને રોકીને ખોટા ખર્ચ કરવાની કોઇ જરૂરિયાત નથી.

સ્વચ્છતા હી સેવા, માર્ગ સલામતી, બેટી બચાવો બેટી પઢાવો, પર્યાવરણ-પાણી બચાવો અને વૃક્ષારોપણ જેવી યોજનાઓના ફેલાવા માટે પગપાળા વિશ્વની સફરે નીકળ્યા ૨૦ સાહસિકો

સંસ્કુતમાં કેહવત છે કે ૩ચરાતી ચરતો ભગ: એટલેકે ચાલતા લોકોનું ભાગ્ય બદલાય છે. વિશ્વશાંતિ વિશ્વપદયાત્રી ગ્રુપ પગપાળા વિશ્વ પ્રવાસના માર્ગે નીકળ્યું છે. ઉત્તર પ્રદેશથી વર્ષ ૨૦૦૦માં શરુ થયેલી આ યાત્રા જેનું આજે વ્યારામાં આગમન થયું હતું. સ્વચ્છતા હી સેવા, માર્ગ સલામતી, પર્યાવરણ સંરક્ષણ, બેટી બચાવો બેટી પઢાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણનો સંદેશો ફેલાવવાના આશયથી અલગ અલગ રાજયના સાહસિકો દ્વારા પગપાળા વિશ્વ પ્રવાસનો માર્ગ અપનાવવામાં આવ્યો છે.

આર.ટી.ઓ,તાપી તેમજ ટ્રાફિક પોલીસના સહયોગથી આજરોજ વ્યારા ખાતે વિશ્વના પ્રવાસે નીકળેલી આ ટીમના ૪ સભ્યોએ મિશન નાકા, પાનવાડી, સયાજી સર્કલ વગેરે જાહેર માર્ગ પર માર્ગ સલામતીને લઈને જાગૃતિ કાર્યક્રમો કર્યા હતા. જે વાહન ચાલકો હેલ્મેટ પહેરીને વાહન ચલાવતા હતા તેમને ગુલાબનું ફૂલ અર્પણ કરીને આવકાર્યા હતા, તેમજ જે લોકો હેલ્મેટ પહેર્યા વગર રસ્તે વાહનો ચાલવતા હતા તેમને ફૂલનો હાર પહેરાવીને સમજ આપી હતી. તાપી જિલ્લાના મહેમાન બનેલા આ ચાર સાહસિકોએ ટ્રાફિક પોલીસ કર્મીઓ અને આરટીઓ ઇન્સ્પેક્ટર સાથે મળીને લોકોને શિખામણ આપી હતી કે તેમને હાર એટલા માટે પહેરાવે છે કે આ હાર તેમના ફોટાને ચડાવવો ન પડે તે પહેલા ચેતી જાય અને હમેશા સુરક્ષા સાથે જ વાહનો ચલાવે તેવી અપીલ કરી હતી. ટ્રાફિક જવાનોએ હેલ્મેટ વગરના દ્વિચક્રી વાહન ચાલકોને સુરક્ષા પ્રતિજ્ઞા લઈને અન્ય ૧૦ લોકોને હેલ્મેટ પહેરવા માટે જણાવવા સુચન કર્યું હતું.

ઉપરાંત કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા ચલાવવામાં આવતી વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોચાડવા અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે આ ગ્રુપના ચાર સભ્યોએ સોમવારે શાળાના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. શહેરની બે શાળાના વિદ્યાર્થીઓ સાથે તેઓએ ઇન્ટરએક્શન કર્યું હતું. વિદ્યાર્થીઓ થકી સમાજમાં સ્વચ્છતા, માર્ગ સલામતી તેમજ પર્યાવરણ સંરક્ષણના મહત્વ વિશે સભાનતા આવે તે માટે સંબોધિત કર્યા હતા.

આ ટીમે વિદ્યાર્થીઓ સાથે સ્વચ્છતા હી સેવા, માર્ગ સલામતી અને પર્યાવરણ સંરક્ષણ વિશેનો સંદેશો ફેલાવવા માટે પ્રયાસ કર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા, પોતાની અને અન્યની સલામતી માટે ટ્રાફિકના નિયમોનુંપાલન કરવા અને ભાવિ પેઢીઓ માટે પર્યાવરણ બચાવવાનું મહત્વ સમજાવ્યું. તેઓએ આ સંદેશાઓનો અસરકારક રીતે પ્રચાર પ્રસાર કરવામાં મદદરૂપ થવા બદલ જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આર.ટી.ઓ અને શાળા પરિવારનો આભાર માન્યો હતો.

અવધ બિહારી લાલ દ્વારા શરૂ કરાયેલ આ પદયાત્રાનું નેતૃત્વ લેવામાં આવ્યુંછે. ડેન્જરસ એડવેન્ચર્સ એન્ટાર્વેડ સ્પોર્ટ્સ લોંગેસ્ટ વર્લ્ડ ટૂર નામના શીર્ષક દ્વારા આ પગપાળા પ્રવાસની શરૂઆત કરવામાં આવી છે. આજ સુધીમાં, તેણે અગિયાર દેશોમાં ૪ લાખ અને ૫૦ હજાર કિલોમીટરને આવરી લેતો પ્રવાસ પૂર્ણ કર્યો છે. આ પગપાળા પ્રવાસ દરમિયાન ઠેક ઠેકાણે કુલ ૧૪ કરોડ પચાસ લાખ રોપાઓ વાવ્યા, પર્યાવરણના રક્ષણ માટે ફક્ત આટલી મોટી સંખ્યામાં કરેલા વૃક્ષારોપણથી જ અસરકારક રીતે તેમનો સંદેશ ફેલાવ્યો છે. હાલમાં જિતેન્દ્ર પ્રતાપ, મહેન્દ્ર પ્રતાપ, અને ગોવિંદા નંદ જેવા સાહસિકો આ પ્રવાસનું નેતૃત્વ કરી રહ્યા છે.

આ જૂથના જીતેન્દ્ર પ્રતાપે જણાવ્યું હતું કે 'વિદ્યાર્થીઓ સાથેની ક્રિયાપ્રતિક્રિયા ખૂબ જ સારી હતી. તેઓએ સક્રિયપણે ચર્ચામાં ભાગ લીધો. કાર્યક્રમ પછી પણ અમને મળ્યા ત્યારે તેમનો ઉત્સાહ ખુબ સારો હતો. આ વિદ્યાર્થીઓ જ દેશનુંભવિષ્ય છે. અમે શાળાઓ અથવા જાહેર સ્થળોની અમારી મુલાકાતો દરમિયાન વિદ્યાર્થીઓનેલક્ષ્યાંકિત કરીએછીએ. અમારી ૨૦ સભ્યોની ટીમ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશની મુલાકાતો પૂર્ણ કર્યા પછી, ગુજરાત પહોંચ્યા અને વડોદરાથી શાળાઓ અને જાહેર સ્થળોએકાર્યક્રમો યોજીને, અમેડાંગ, વલસાડ, નવસારી અને ત્યાંથી મહારાષ્ટ્ર અને ચેન્નાઈ તરફ આગળ વધી રહ્યા છીએ.' સમગ્ર ભારતમાં સંદેશો ફેલાવીને તેઓ આવતા વર્ષેસાઉથ કોરિયા માટે પ્રયાણ કરવાના છે.

વ્યારા ખાતે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૩ મીડિયા કર્મીઓનું મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યું

FIT INDIA
FIT MEDIA

તાપી- માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત રાજય સરકાર અને રેડક્રોસ સોસાયટી, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ભીખીબા રેડક્રોસ ભવન, તાડકુવા ખાતે યોજાયેલા મીડિયા કર્મીઓના આરોગ્ય કેમ્પમાં ૨૩ મીડિયા કર્મીઓનું હેલ્થ ચેક-અપ કરવામાં આવ્યું હતું.

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ફિટ ઇન્ડિયાના સ્લોગનને સાકાર કરવા માટે રાજયના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજયના મિડિયા કર્મીઓ માટે રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી ઠેર ઠેર હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત તાપી જિલ્લાના મીડિયાકર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તાપી જિલ્લાના ૨૩ જેટલા પત્રકાર મિત્રોએ પોતાના આરોગ્યની તપાસ કરાવી હતી. જેમાં ૨૩ મીડિયા કર્મીઓના બ્લડ સેમ્પલ તથા ૩૫ વર્ષથી વધુ ઉંમરના ૧૮ મીડિયા કર્મીઓના એક્સ-રે અને ઇ.સી.જી ટેસ્ટ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમદાવાદ ખાતેથી મીડિયાકર્મીઓના હેલ્થ ચેક-અપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજયના તમામ જિલ્લાઓમાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી હેલ્થ ચેક-અપ કેમ્પના આયોજનનો સિલસિલો અવિરત રીતે ચાલી રહ્યો છે.

વ્યારા ખાતે યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પને સફળ બનાવવા માટે માહિતી અને પ્રસારણ વિભાગ ગુજરાત સરકાર, રેડક્રોસ ગુજરાત અને જિલ્લા માહિતી કચેરી, વ્યારા-તાપી અને રેડક્રોસ વ્યારાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

શેરડીની ખેતીનો ઉત્પાદન ખર્ચ વધી ગયો:શેરડીની FRPઅને ખાંડની MSP ન વધતાં ૩૫ હજાર કરોડના ટર્નઓવોરવાળી ૧૪ મિલ પર સંકટ

બારડોલી- હરેન્દ્રસિંહ બારડ દક્ષિણ ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન સુગર ફેક્ટરીઓની હાલત દિવસે દિવસે કફોડી બની રહી છે. ૩૫,૦૦૦ કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતી ૧૪ સુગર ફેક્ટરીઓ હાલ કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. ખેડૂતો શેરડીની ખેતીથી વિમુખ થઈ રહ્યા છે. વર્ષે ૧ કરોડ ટનથી વધુ શેરડીનું પિલાણ કરતી સુગર ફેક્ટરી હાલ ૮૫ લાખ ટન શેરડીનું પિલાણ કરી રહી છે. આ પરિસ્થિતને લઈ સુગર ફેક્ટરીના સંચાલકો અને સહકારી અગ્રણીઓ ચિંતિત બન્યા છે. જેની પાછળનું મુખ્ય કારણ હાલ તો સરકાર દ્વારા શેરડીની એફઆરપી (ફેર એન્ડ રિમ્યુલેટિવ પ્રાઇઝ એટલે કે શેરડીના ખેડૂતોને મળતા ભાવ) તો ખાંડની એમએસપી (મિનિમમ સેલિંગ પ્રાઈઝ એટલે કે સુગર ફેક્ટરી માટે ખાંડ વેચાણના ભાવ) ઉપર વધારો ન કરવા સાથોસાથ ખાંડને આવશ્યક ચીજવસ્તુ ધારામાં મૂકવાને લઈ આ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું હોવાનું બહાર આવ્યું છે. ૧૦ વર્ષ અગાઉ ૧૭૦થી ૧૮૦ દિવસ સુધી સુગર ફેક્ટરીઓ કાર્યરત રહેતી હતી, અને ૧ કરોડથી ૧.૨૫ કરોડ ટન શેરડીનું ક્રસિંગ થતું હતું. હાલમાં ૮૫ લાખ ટનની આસપાસ શેરડીનું ક્રસિંગ થઈ રહ્યું છે, અને સુગર ફેક્ટરીઓ માંડ ૧૨૦ દિવસની આસપાસ ચાલી રહી છે. ૧૫થી ૨૦ ટકા શેરડીનો પુરવઠો ઘટી ગયો છે. આ પુરવઠો ઘટવા પાછળનું મુખ્ય કારણ ખાંડને આવશ્યક ચીજવસ્તુ ધારામાં સમાવેશ કરવાની સાથોસાથ એમએસપી (મિનિમમ સેલિંગ પ્રાઈઝ)માં છેલ્લાં ૬ વર્ષથી કોઈ પણ પ્રકારનો વધારો ન કરવાની નીતિ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. સહકારી અગ્રણીઓનું માનવું છે કે ૨૦૨૨માં ખેડૂતની આવક બમણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આવક બમણી ના થઈ, પરંતુ શેરડીની ખેતીમાં ઉત્પાદનખર્ચ બમણો થઈ ગયો છે. અને તેને પગલે હાલ ખેડૂતો શેરડીની ખેતીથી વિમુખ થઈ રહ્યા છે. ખાંડનો બજારભાવ પોષણક્ષમ ન હોવાથી ખેતી કરવી કપરી બની છે. જેને લઈ સુગર ફેક્ટરીઓની લાંબા ગાળે કપાસ જિનિંગ મિલ જેવી હાલત થાય તો નવાઈ નહીં. સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ અને ખાંડ ઉદ્યોગના જાણકાર પરિમલ પટેલ જણાવે છે કે દેશમાં ઉત્પાદન થતી ખાંડનો ૧૫થી ૨૦ ટકા ખાંડનો જ લોકો દ્વારા ઉપયોગ થાય છે. જ્યારે ૮૦ ટકા ખાંડ કોમર્શિયલ હેતુ માટે વપરાય છે. છતાં સરકાર દ્વારા તેને આવશ્યક ચીજવસ્તુના ધારા હેઠળ મૂકી ખેડૂતોને અન્યાય કરવામાં આવી રહ્યો છે. ખાંડના નીચા ભાવનો ફાયદો ઉદ્યોગ જગત લઈ રહ્યું છે. ડીઝલ આવશ્યક ચીજવસ્તુ હોવા છતાં તેના પર તોતિંગ ટેક્સ લગાવી સરકાર કમાણી કરી રહી છે ત્યારે સરકારે આ બાબતે વિચારવું જોઈએ. સરકાર ખાંડની એમએસપી વધારતી નથી. જો એમએસપી વધારવામાં આવે તો ખેડૂતોને તેનો ફાયદો થાય તેમ છે. પણ ઉદ્યોગોને ફાયદો કરાવવાની નીતિને કારણે શેરડી પકવતા ખેડૂતોની હાલત કફોડી થઈ રહી છે.

૮૦ ટકાથી વધુ ખાંડનો ઉપયોગ કોમર્શિયલ હેતુ માટે થાય છે હાલમાં જે ખાંડનું ઉત્પાદન થઈ રહ્યું છે તે કુલ ઉત્પાદનનો ૧૫થી ૨૦ ટકા વપરાશ ઘરેલું ઉપયોગમાં થાય છે. ૮૦ ટકાથી વધુ ખાંડ કોર્મશિયલ હેતુ માટે ઉપયોગ થાય છે. મહત્ત્વની વાત એ છે કે ખાંડના ઉપયોગથી ઉત્પાદિત થતી વસ્તુઓના ભાવો છેલ્લાં ૧૦ વર્ષમાં અનેકગણો વધ્યો છે. ખાંડનો ઠંડા પીણાં, બિસ્કિટ, મીઠાઈ, હોટલો વગેરેમાં મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. આ જગ્યાથી ઉત્પાદન થતી તમામ વસ્તુના ભાવ ૧૦ વર્ષથી સરખામણીએ ઘણા ઊંચા ગયા છે. તો સામે પક્ષે ખાંડનો ભાવ નીચો રહેતો હોય છે. આજે પણ ખેડૂતોને ૧૦ વર્ષ અગાઉ ટન દીઠ જે શેરડીનો ભાવ મળતો હતો તેની આસપાસ જ મળી રહ્યો છે.

દસ વર્ષમાં ઉત્પાદન ખર્ચ અઢી ગણો વધી ગયો છે

ખાંડ ઉદ્યોગ નબળી પરિસ્થિતિમાં મુકાવા પાછળ અનેક કારણો છે. દસ વર્ષમાં બિનખેતીની જમીન ૧ લાખ એકર જેટલી થઈ છે. જેને પગલે શહેરની નજીક આવેલી સુગર ફેક્ટરીઓને પૂરતા પ્રમાણમાં પુરવઠો મળતો નથી. દસ વર્ષમાં ઉત્પાદન ખર્ચ અઢી ગણો વધ્યો છે. સામે શેરડીનું ઉત્પાદન એકરે ૩૪ ટન હતું જે હવે ૨૬થી ૨૭ ટન થયું છે. એમએસપી અને એફઆરપીમાં ભાવોમાં વધારો નહીં થતાં શેરડીના પોષણક્ષમ ભાવ મળતા નથી એ મહત્ત્વની બાબત છે.

---

e-GujCop મોબાઈલ પોકેટકોપ એપ્લીકેશનની મદદથી

વાહન ચોરીના વણશોધાયેલ બે ગુનાનો ભેદ ઉકેલી, ચોરીમા ગયેલ ત્રણ મોટરસાયકલ સાથે આરોપીને ઝડપી પાડતી સુરત જિલ્લા એલ.સી.બી/પેરોલ ફર્લો સ્ક્વોડ

સુરત- પોલીસ ઇન્સ્પેક્ટર, એલ.સી.બી તથા પેરોલ ફ્લો સ્ક્વોડ ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી, ટેકનીકલ દીશામા તથા અંગત હ્યુમન શોર્સીસ દ્વારા ચોક્કસ દીશામા વર્કઆઉટ કરી. મહુવા પોલીસ સ્ટેશન હદ્દ વિસ્તારમા સર્ચ ઓપરેશન દરમ્યાન એક શંકાસ્પદ ઈસમ મોટર સાઈક્લ સાથે ઝડપી પાડી, e-GujCop મોબાઈલ પોકેટકોપ એપ્લીકેશન મા વાહન નંબર તથા વ્યક્તિ તપાસના આધારે સર્ચકરી જરૂરી માહિતી એકત્રીત કરતા પકડાયેલ શંકાસ્પદ ઈસમના કબ્જાની મોટર સાયકલ અન્ય વ્યક્તિના નામે હોય જેથી સદર ઈસમની વાહન માલીકી બાબતે યુક્તિ પ્રયુક્તિ દ્વારા સઘન ઉલટ પુછપરછ કરતા પકડાયેલ ઈસમ ભાંગી પડેલ અને પોતાના કબ્જામાથી મળેલ મોટર સાયકલ બે દીવસ અગાઉ બારડોલી સરદાર વિસ્તારમાથી ચોરી કરેલ હોવાનુ અને ચોરીની મોટર સાયકલ વેચાણ કરવા માટે નીકળેલ હોવાનુ જણાવેલ, જેથી પકડાયેલ ઈસમની વધુ યુક્તિ પ્રયુક્તિ દ્વારા સઘન પુછપરછ હાથ ધરેલ જેમા આરોપીએ આ અગાઉ અઠવાડીયા અગાઉ કામરેજ તાલુકાના નવાગામ વિસ્તારમાથી એક હોન્ડા સી.ડી.ડીલક્ષ મોટર સાયકલ ચોરી કરેલ હતી અને જે મોટર સાયકલ બારડોલી સુરતી ઝાપા વિસ્તારમા છુપાવી મુકી રાખેલ હોવાનુ તથા બારડોલી વિસ્તારમાથી એક મોટર સાયકલ ચોરી કરેલ હતી જે મહુવા વિસ્તારમા મુકેલ હોવાનુ જંણાવતા આરોપીને સાથે રાખી તમામ જગ્યાઓ ઉપર તપાસ કરી આરોપીએ ચોરી કરી છુપાવેલ અન્ય બે મોટર સાયકલ રીકવર કરવામા આવેલ, જે બાબતે ચીષઈજ્ઞા મોબાઈલ પોકેટકોપ એપ્લીકેશનની મદદથી તપાસ કરતા આરોપીએ કરેલ મોટર સાયક્લ ચોરી બાબતે કામરેજ તથા બારડોલી ટાઉન પો.સ્ટે મા વાહન ચોરીના ગુનાઓ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવતા તમામ મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ આરોપી વિરુદ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

માંગરોળ પંથકમાં વડોલી ગામે નહેર પર ખેડૂતોની ત્રણ ઇલેક્ટ્રીક મોટરની ચોરી

બે દિવસ અગાઉ વાંકલ ગામે છ ખેતરમાંથી મોટરના કેબલ ચોરાયા હતા

માંગરોળ- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વડોલી ગામની સીમમાં ખેડૂતોએ સિંચાઈના પાણી માટે નહેર પર મૂકેલી ત્રણ ઈલેક્ટ્રીક મોટરોની રાત્રે ચોરી ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વડોલી ગામે નહેર પર સિંચાઈના પાણી માટે ખેડૂતોએ મૂકેલી મોટરની ચોરીના બનાવો દિન પ્રતિદિને વધી રહ્યાછે. ત્યારે ગત રોજ રાત્રી સમયે વડોલી ગામના ખેડૂત ભુપેન્દ્રસિંહ મહિડા, તખતસિંહ સોલંકી અને કોસાડી ગામના ખેડૂત હનીફ તોસી, સહીત ત્રણ ખેડૂતોની માલિકીની ઈલેક્ટ્રીક મોટરની ચોરી કરી ગયા હતા. સવારે ખેડૂતો ખેતરે ગયા હતા ત્યારે મોટર ત્યાંન દેખાતા તે ચોરી થઈ હોવાનું જણાયું હતું. જ્યારે એક ચોથી ઈલેક્ટ્રીક મોટર કોઈ કારણોસર ચોર ઈસમો સ્થળ પર પર મૂકીને જતા રહ્યા હતા. ખેડૂતોના જણાવ્યા મુજબ સ્થળ પર મળેલા

નિશાન ઉપરથી ચોરી ઈસમો પીક અપ ગાડી લઈને ચોરી કરવા આવ્યાનું ફલિત થઈ રહ્યું છે. બે દિવસ પહેલા માંગરોળના વાંકલ ગામના છ જેટલા ખેડૂતોના ખેતરમાંથી ઈલેક્ટ્રીક મોટરના કેબલ વાયરોની ચોરી ચોર ઈસમો કરી ગયા હતા.દિન પ્રતિદિન તાલુકામાં ઈલેક્ટ્રીક મોટર અને કેબલ ચોરીના બનાવો વધી રહ્યા છે. છતાં અત્યાર સુધી મોટર અને ચોરી કરનારા કોઈ ઈસમ પકડાયા નથી. જેથી ખેડૂતોની ચિંતા વધી રહી છે. હાલના સમયે એકતરફ વધી રહેલી મોંઘવારીમાં ખેડૂતો માટે ખેતી કરવું મુશ્કેલ બન્યું છે.ત્યારે મોઘા ઈલેક્ટ્રીક મોટર અને અન્ય સામાન ચીજ વસ્તુઓની ચોરી ખેડૂતોને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જેથી ખેડૂતો વહેલી તકે આ ચોરીના બનાવો અટકે તેવી માગણી કરી રહ્યા છે.

વાલોડના દોડકિયામાં ગૌહત્યા કરનારા સામે કડક કાર્યવાહી કરો

ગૌમાતાના અવશેષો મળ્યાના ૪ દિવસ બાદ પણ ગૌ હત્યારાઓ પકડની બહાર રહેતા હિન્દુ સમાજમાં ભારે રોષ ફેલાયો

વાલોડ- વાલોડ તાલુકા હિન્દુ સંગઠન દ્વારા વાલોડના મામલતદારને આજરોજ ગાય જેવા પશુઓના માંસ અને હાડકા હિન્દુ વસ્તીમાં અજાણ્યા શખ્સો દ્વારા નાખી જતા અને તે મળવા અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું, જવાબદારો સામે પગલાં ન લેવાય તો આવનારા દિવસોમાં ભગતસિંહ અને સુખદેવ જેવી કામગીરી કરવાની ચીમકી અપાઈ. વાલોડ તાલુકા હિન્દુ સંગઠન દ્વારા આજરોજ મામલતદાર વાલોડને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે તા. ૨૯ મી નવેમ્બરના રોજ સાંજના સમયે વાલોડ ગામના દોડકિયા ફળિયા જતા રસ્તા ઉપર બાજુમાં આવેલ ખેતરમાં અજાણ્યા શખ્સો દ્વારા ગૌમાતાની કતલ કરી ગૌમાંસના બિન ઉપયોગી ભાગો જેમાં મોઢાના ભાગ, ચામડી તથા આંતરડા વગેરે સ્થળ ઉપર રહેવા દઈ, હિન્દુ સમાજની ધાર્મિક ભાવના સાથે ચેડા કરવાનું કૃત્ય કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી ગૌમાંસ સાથે અને ગાયોને તલખાને લઈ જતા પકડવામાં આવ્યા છે. આ બાબતે હિન્દુ સમાજની માંગ છે કે, આવા કૃત્ય કરનારા ઈસમોને પકડી તેમના દ્રકડકમાં કડક પગલા ભરવામાં વિરુદ્ધ આવે અને તેમને સજા થાય, દિન પ્રતિદિન આ પ્રકારની બનતી ઘટનાને પગલે સમસ્ત હિંદ સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. પોલીસ પ્રશાસન આવા કૃત્ય કરનાર ઇસમોને જલ્દીથી પકડે અને કડકમાં કડક સજા કરે એવી માંગ કરી છે અને બીજી વાર આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય એવી પણ વિનંતી કરવામાં આવી છે, આ આવેદનપત્ર આપવા માટે વાલોડ ગામના હિન્દુ સમાજના આગેવાનો જૈનિશભાઈ શાહ, અપૂર્વ વ્યાસ, સંજય ગામીત,શૈલેષ પ્રજાપતિ ,વિજય ભરવાડ તથા રાજુભાઈ પારેખ જેવા અનેક આગેવાનોએ રજૂઆતો કરી હતી. સાજન ભરવાડ નવસારીની આગેવાનીમાં આવેદન આપવામાં આવ્યું હતું.

તાપી જિલ્લામાં ગૌ હત્યાનું દુષણ વધ્યું છે: સાજન ભરવાડ

તાપી જિલ્લો ગૌહત્ય નું હબ બની ગયું છે, પોલીસ કડક પગલાં લે, નહિ તો હમો ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન નહિ કરીએ પરંતુ ભગતસિંહ અને સુખદેવ જેવો કાર્યથી આંદોલન કરવાનું ફરજ પડશે.

પોલીસ હેલ્મેટ,પીયુસી ન હોય પકડે છે પણ ગૌ હત્યારાઓને નહી

સંજય ગામીતે જણાવ્યું હતુંકેર કે ચાર દિવસ થઈ ગયા પોલીસ પ્રશાસનને કામગીરી કરી નથી, વાલોડમાં આવી ઘટનાઓ બનતી જ રહે છે, પોલીસ ચાર રસ્તા પર પીયુસી, હેલ્મેટ ચેક કરી લોકોને પકડે છે તો આવા ગુનેગારોને પોલીસ પકડી કેમ શકતી નથી અમે પોલીસની કામગીરીથી સંતુષ્ટ નથી. આ અંગે પત્ર ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ આવેદન પત્ર આપી રજૂઆત કરીશું

વાંસદા તાલુકાના આંબાબારી ગામમાં ૬ વર્ષીય બાળક ઉપર દિપડાએ કર્યો હુમલો

વહેલી સવારે ખેતરમાં કુદરતી હાજતે ગયેલા દીક્ષિત ચૌહાણ નામના બાળક પર કર્યો હુમલો

કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, (GUJARAT).